જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૯/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૩૫ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૩ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૫૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૯૪/૨૦૨૫**

ઘાટલોડીયાઃ અક્ષય સ/ઓ ભરતભાઇ ત્રિવેદી (રહે.વર્ધમાનનગર સોસાયટી, સી.પી.નગર પાસે, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૫ કલાક ૦૦/૧૫ થી સવારના ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના બીજા માળે આવેલ દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટના ડ્રોઅરમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૮૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૯૫/૨૦૨૫**

કારંજઃ વિનોદભાઇ પુરસોત્તમભાઇ પુણેકર (રહે.ભદ્ર રામબારી ભોયરાવાળુ ગણેશ મંદીર કારંજ) એ તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૦૮/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન લાલ દરવાજા વસંતચોક ખાતે આવેલ ભોયરાવાળા ગણેશ મંદીરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૨૦૦૦/– તેમજ મંદીર નજીક આવેલ રૂમનું તાળું તોડી, તેમાથી દાનમા આવેલ ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નારસિંહ મલુસિંહ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૯૬/૨૦૨૫**

ઈસનપુરઃ અમરાઈવાડી સત્યમનગર શાક માર્કેટ પાછળ શિવાનંદનગર ખાતે રહેતા પ્રદિપ સ/ઓ લલ્લુ પ્રજાપતી (ઉ.વ.૨૦) (મુળ વતન. ૮૪ રનવા માર્ગ ઉમરાઉગંજ પો.લાલગંજ તા–હાન્ડિયા જી–અલ્હાબાદ ઉતરપ્રદેશ) નાઓ કડીયાનાકાથી મજુરી કામ કરતા હોય તા.૧૨/૦૯/૨૦૨૫ સવારના ૯/૫૦ વાગ્યાના સુમારે ઈસનપુર પુષ્કર ફ્લોરા નામના ફ્લેટમા બી–બ્લોકના છઠ્ઠા માળે મકાનની ગેલેરીમા કબુતર જાળી ફીટીંગ કરતા હતા દરમ્યાન છઠ્ઠા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૯/૨૦૨૫ સવારના ૯/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૯૭/૨૦૨૫**

વેજલપુરઃ ઋષિલ નગીનભાઇ ગોહેલ (ઉ.વ.૨૯)(રહે.વણકરવાસ વેજલપુર ગામ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૫ કલાક ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી યોગિરાજ ગેમલભાઇ ચલાવે છે.

ઓઢવઃ કાર્તિક સ/ઓ કિશોરભાઇ મરદાને (ઉ.વ.૨૫)(રહે.ગીરીરાજ સોસાયટી આદીનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૫ કલાક ૦૦/૦૦ થી તા.૧૩/૦૯/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી